
### વણજોયું મુહૂર્ત ગણાતા અખાત્રીજના શુભ દિને ઠેર ઠેર લગ્નોત્સવ

# આણંદ-ખેડામાં અખાત્રીજે લગ્નો ખેતીકાર્યો ને ખરીદીનો ધમધમાટ

**શુભકાર્યોનો** પ્રારંભ તેમજ જ્વેલરી બજારમાં પણ ભારે ઘસારો થશે



(પ્રતિનિધિ) આણંદ, તા.28

શુભ કાર્યો માટે વણજોયા મુહૂર્ત તરીકે ઓળખાતું અખાત્રીજનું પવિત્ર પર્વ 30 મી એપ્રિલને બુધવારે છે. અખાત્રીજના દિવસથી જ આણંદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં લગ્ન , ખેતી , નવા વાહનો સોનું ખરીદી સહીત, વાસ્તુ, ઉદ્ઘાટન જેવા શુભ કાર્યોની ભરમાર રહેશે. તો ખેડૂત પરિવારો પણ ખેતી કાર્યોનો પ્રારંભ કરશે.

અખાત્રીજના શુભ મૂહુતમાં લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠશે. જ્યારે સોના-ચાંદીની દુકાનો પર પણ ખરીદી માટે લોકોની ભીડ જોવા મળશે. શુભપ્રસંગોની ભરમારથી ફુલબજારમાં તેજી આવી જશે. મંડપ ડેકોરેશન, બેન્ડવાજા અને ગોર મહારાજોની બોલબાલા વધી જશે. સમગ્ર આણંદ જીલ્લાના વિવિધ વિસ્તારોમાં લગ્નની મોસમ પૂરજોશમાં ખીલી ઉઠતાં ગામે ગામ લગ્નોત્સવનો માહોલ છવાઇ જશે.અખાત્રીજ નિમિત્તે વિવિધ સમાજના સમૂહલગ્નો પણ આયોજીત કરવામાં આવ્યા છે. અખાત્રીજ પર્વે લગ્નોનાં અનેક આયોજનોને લઇ વાડીઓ, પાર્ટી પ્લોટ વગેરે સ્થળોએ દિવસ-રાત લગ્નોનો ધમધમાટ જોવા મળશે

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ ટ્રેક્ટર જેવા સાધનો ન હતા ત્યારે ખેડૂતો દ્વારા અખાત્રીજે મૂહૂર્ત કરીને ખેતીકાર્યોનો પ્રારંભ કરવામાં આવતો હતો. બળદ અને હળથી ખેતર ખેડવામાં એકથી દોઢ મહિનાનો સમય લાગતો હતો. ખેતર ખેડી રહે ત્યાં સુધી ચોમાસુ બેસી જતાં વરસાદ શરૂ થતાં વાવણી કરવામાં આવતી હતી. હવે ટ્રેક્ટર જેવા આધુનિક સાધનોની સુવિધા હોવા છતાં અખાત્રીજના પર્વે ખેતીકાર્યનો પ્રારંભ કરવાની પરંપરા જળવાઈ રહી છે. ખેતીકાર્યોનો પ્રારંભ કરવાની વર્ષો જુની પરંપરા છે. ત્યારે ખેડૂતો આધુનિક વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા લાગ્યા છે. છતાં અખાત્રીજનાં પર્વે જ ખેતીકાર્યોનો પ્રારંભ કરવાની વર્ષો જુની પરંપરા હજી જાળવી રાખી છે. અખાત્રીજના પર્વે ખેડૂતો ખેતરમાં જઈને ધરતીમાતાની તેમજ ખેતીના સાધનોની પૂજા કરીને પાકમાં ઉતારો સારો મળે તે માટે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરે છે.

ખેડૂત પરિવારોમાં અખાત્રીજના પર્વે ઉત્સવ જેવો માહોલ રહે છે.

### જિલ્લામાં ઠેર ઠેર લગ્નોત્સવના આયોજન કરાયા

અખાત્રીજના દિવસે આણંદ જિલ્લામાં ઘર આંગણે લગ્ન પ્રસંગ આયોજિત કરવામાં આવે છે. તો સામાજિક સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ સમુહ લગ્નોત્સવમાં અનેક યુગલોને લગ્નગ્રંથીથી જોડવામાં આવે છે. આમ જીલ્લાભરમાં લગ્નોત્સવનો માહોલ છવાયેલો રહેશે.

### અક્ષય તૃતિયા દરમિયાન બાળલગ્ન કરાવનાર સામે કાર્યવાહી કરાશે

બાળલગ્ન અટકાવવાના આશયથી આણંદ જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરી દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. ખાસ તો બાળલગ્ન ન થાય તે માટે માતા-પિતા ઉપરાંત સમૂહલગ્નના આયોજકો, સામાજિક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન કરનાર, ફોટોગ્રાફર, લગ્ન કરનાર વર તથા કન્યા પક્ષના બંને પરિવારોએ બાળલગ્ન ન થાય તેની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. જો બાળલગ્ન થાય તો આવા બાળલગ્નોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લેનાર સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. જેમાં એક લાખનો દંડ અને બે વર્ષની કેદની સજાની જોગવાઈ છે. આમ, સામાજિક જવાબદારી સમજી બાળલગ્નને અટકાવવા માટે સમાજ સેવાના ભાગરૂપે નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા આણંદ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ, આણંદને જાણ કરવા જણાવવામાં આવ્યું છે.

### ખેતી કાર્યોના અખાત્રીજના દિવસે જ શ્રીગણેશ

અખાત્રીજ એટલે અક્ષયતૃતિયા. ખેતીના ઓજારો ખરીદવા, ખેતીકાર્યનો પ્રારંભ કરવો કે ખેતીની જમીન ખરીદવી જેવા કાર્યો માટે શુભ દિન માનવામાં આવે છે.જેથી અખાત્રીજે ખેડૂત પરિવારો ખેતરમાં જઈને ખાડો કરીને સોપારી, પૈસા અને છાણ મૂકીને દીવો કરીને ધરતી માતાની પૂજા કરે છે. ત્યારબાદ હળ, ટ્રેક્ટર, ખેતીના ઓજારોની પૂજા કરે છે . ખેડૂતો અખાત્રીજના શુભ દિનથી જ ખેતીકાર્યોના શ્રીગણેશ કરે છે .

### પેટલાદમાં 3 પોલીસ મથકમાં પકડાયેલ 48 લાખના દારૂનો નાશ કરાયો



પેટલાદ વિભાગીય પોલીસના તાબા હેઠળના પેટલાદ ટાઉન, પેટલાદ રૂરલ અને મહેળાવ પોલીસ દ્વારા પકડવામાં આવેલા વિદેશી દારૂનો સોમવારે પાળજ સુગર ફેક્ટરી પાસે નાશ કરવામાં આવ્યો હતો. છેલ્લા આઠેક મહિના દરમ્યાન પેટલાદ ટાઉન પોલીસે 11 ગુનામાં 358 બોટલ, પેટલાદ રૂરલ પોલીસ દ્વારા 10 ગુના હેઠળ 9177 બોટલ અને મહેળાવ પોલીસ મથકે 26 ગુનામાં 1758 બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આમ આ ત્રણેય પોલીસ મથક દ્વારા 47 ગુનામાં પકડાયેલ અંદાજીત રૂ.48.41 લાખ કિંમતની 11,293 બોટલનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પેટલાદ એસડીએમ, ડીવાયએસપી, ટાઉન પીઆઇ સહિત પોલીસ અધિકારી, કર્મચારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. - **વિનાયક આણંદજીવાલા**

## વીરપુરમાં બેંક કેશિયરે આચરેલા કૌભાંડમાં પોલીસે દસ્તાવેજો માંગ્યાં

**કેશિયરે** ખાતેદારોના 42 લાખ ચાઉં કર્યા

(પ્રતિનિધિ) વીરપુર તા.26

વીરપુરની બેન્ક ઓફ બરોડાના કેશિયરે આચરેલા કૌભાંડના પગલે પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ગુનો નોંધાયા બાદ પોલીસે દસ્તાવેજી પુરાવા એકત્ર કરવા માટે બેન્ક પાસે ગ્રાહકોની સ્લીપ, ખાતાનંબર સહિતની વિગતો મંગાવવામાં આવી છે. આ ઉપરાંત ખાતેદારો પાસેથી પણ નકલી એફડીઆર જમા લેવાની તજવીજ હાથ ધરી છે.

વીરપુર બેન્ક ઓફ બરોડાના મેનેજર વેદપ્રકાશ છાજુસિંહ યાદવે જણાવ્યું હતુ કે, બેન્કમાં કેશિયર તરીકે જયસુખ રામ બાબુલાલ (રહે. ભેડ, તા. ખીમસર, જિ. નાગોર, રાજસ્થાન, હાલ રહે. અંબીકા સોસાયટી વીરપુર) 2019થી ફરજ બજાવે છે. જયસુખને બેન્ક દ્વારા રોકડની લેવડ દેવડ સહિતની વિવિધ ફરજો સોંપવામાં આવી હતી. આ દરમિયાન જયસુખે ખોટી એફડીઆર બનાવી તથા રોકડ લેવડ દેવડમાં ગેરરીતિ આચરી હોવાની ફરિયાદ મળી હતી. જે અંગે તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં જયસુખરામ બાબુલાલે ગ્રાહકોના નાણા સ્વીકારી ખોટા એફડીઆર સર્ટીફિકેટ બેન્કો સિક્કો મારી, નાણા જમા કર્યાની રોકડ ડિપોઝીટ સ્લીપ સ્વીકારી ખાતેદારના ખાતામાં જમા નહીં કરી તથા ગ્રાહકોના ચેક લઇ ચેકમાં દર્શાવેલી રકમ ધારણકર્તાના ખાતામાં ડેબીટ કરી ખાતેદારના નાણા નહીં આપી પોતાના અંગત કામમાં ઉપયોગ કર્યાં હતાં. એફડીઆર સહિત કુલ રૂ.42 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે પોલીસે ગુનો નોધ્યો હતો.

## તારાપુરમાં રિક્ષાની ટક્કરે મહિલાનું મોત

(પ્રતિનિધિ) તારાપુર તા.28

વડોદરાની ભગવતનગર સોસાયટીમાં રહેતા અશોકભાઈ ધમશીભાઈ પ્રજાપતિ (ગોલાણીયા) 26મીના રોજ પત્નિ કૈલાસબહેન (ઉ.વ.46), પુત્ર ઓમ સાથે ભાવનગર ખાતે ખોડીયાર માતાની બાધા પુરી કરવા કારમાં નિકળ્યાં હતાં. બીજા દિવસે ત્રણેય કારમાં પરત વડોદરા આવવા નિકળ્યાં હતાં. તેઓ વટામણ ચોકડી વટાવી તારાપુર સર્કલ નજીક પહોંચતા સાળા વિનોદભાઈનો ફોન આવ્યો હતો અને તે તારાપુર પાસે પાઉંભાજીની લારી પર હતો. આથી, અશોકભાઈએ કાર રોકી હતી અને રોડની સામેની બાજુ હોટલ હતી. આથી, તેમના પત્ની કૈલાસબહેન કારમાંથી ઉતરી રસ્તો ક્રોસ કરી રહ્યાં હતાં. આ સમયે પુરપાટ ઝડપે ધસી આવેલી રીક્ષાના ચાલકે કૈલાસબહેનને ટક્કર મારતાં તેઓને ગંભીર ઈજા પહોંચી હતી. આથી, તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અકસ્માત બાદ રીક્ષા ચાલક ભાગી ગયો હતો. આ અંગે તારાપુર પોલીસે અજાણ્યા રીક્ષા ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

## ડાકોરમાં વલ્લભ નિવાસમાં ચાલતા બાંધકામને લઈ પાલિકાની નોટીસ

**સાત દિવસમાં** બાંધકામની મંજુરી તથા અન્ય સાધનિક કાગળો સાથે હાજર થવા ફરમાન



(પ્રતિનિધિ) ડાકોર તા.28

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં નગરપાલિકા દ્વારા વલ્લભ નિવાસમાં ચાલી રહેલા બાંધકામ માટે નોટિસ મોકલવામાં આવી હતી. પાલિકાના ચોપડે કોઇ બાંધકામની મંજુરી બોલતી નથી, જ્યારે બાંધકામ કરનારાને દિવસ સાતમાં જરુરી કાગળો સાથે હાજર થવા જણાવ્યું છે.

ડાકોર પાલિકાની પરવાનગી વગર વલ્લભ નિવાસમાં બાંધકામ હાલમાં પણ ચાલી રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાને રાજકીય ઓથા હેઠળ ઘોળી પી જતા ડાકોરના રાજકારણીઓ મસ મોટા ભાડા ખાવા અને ડાકોરના મધ્યમાં આવેલી આ જગ્યા જે વલ્લભ નિવાસમાં દુકાનો અને પાઘડી કે વેચાણ કરીને મોટી રકમો મેળવવાનો ધંધો માંડ્યો હોય તેવું જણાઇ રહ્યું છે. આ બંધકામ કોઈ પણ નિયત્રંણ રેખાની માપ વગર અને બાંધકામ કોઈ પણ મંજુરી વગર હાલમાં ચાલી રહ્યુ હોવાના આક્ષેપો થઇ રહ્યાં છે. આ અંગે નગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી છે. જેમાં કાયદેસરના પગલાં ભરવામાં આવશે તેવું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

વલ્લભ નિવાસમાં બની રહેલી દુકાનમાં માત્ર પાલિકા જ નહીં, પરંતુ ચેરિટી કમિશ્નરની પણ પરવાનગી લેવામાં આવી ન હોવાની ફરિયાદો ઉઠી છે. આ કોમ્પ્લેક્સની ડાકોરમાં ટ્રાફિક સમસ્યા વકરે તેવો ભય જોવા મળી રહ્યો છે. આથી, તેને રોકવા નગરજનોમાં પણ માગણી ઉઠી છે. બિન્દાસ ચાલતા આ કામમાં કેમ કોઈ રોક ટોક નહિ ? તે ટોક ઓફ ધ ટાઉન મુદ્દો બન્યો છે.

## બોરસદના વાલવોડમાં જુગાર રમતાં છ પકડાયાં

**ભાદરણ** પોલીસે દરોડો પાડી 16,390નો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.28

બોરસદના વાલવોડ ગામના તળાવ કિનારે જાહેરમાં જુગાર રમતા છ શખ્સને પોલીસે રંગેહાથ પકડી લીધાં હતાં.

ભાદરણ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી સમયે બાતમી મળી હતી કે, વાલવોડ ગામના તળાવ કિનારે જાહેરમાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 27મીની મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ મચી હતી. પરંતુ કોર્ડન કરી છ શખ્સને પકડી લીધા હતા. આ શખ્સોની પુછપરછ કરતાં તે રફીક કાસમ વ્હોરા, જગદીશ ખુશાલ ઠાકોર, ઈરફાન મહંમદ વ્હોરા, રમણગીરી કૈલાસગીરી ગૌસ્વામી, નરેશ દિનેશ ઠાકોર અને રમણ રાયસંગ સોલંકી હોવાનું જણાવ્યું હતું. આ શખ્સો પાસેથી પોલીસે રોકડ સહિત કુલ રૂ.16,390નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વાસણા ( રાસ ) પ્રાથમિક શાળાના શિક્ષક કેયુર લિમ્બાચિયાને પર્યાવરણ રક્ષક એવોર્ડ



**બોરસદ :** બોરસદના વાસણા (રાસ) ગામની સરકારી શાળામાં ફરજ બજાવતા શિક્ષક કેયુર લિમ્બાચિયાને પર્યાવરણ લક્ષી વિવિધ પ્રવૃતિઓ બદલ રાજ્ય કક્ષાનુ સન્માન મળ્યું છે. ગાંધીનગર ખાતે આયોજિત સન્માન સમારોહ દરમિયાન માધવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ રક્ષક એવોર્ડ એનાયત કરાયો હતો. ગાંધીનગર ખાતે પર્યાવરણની જાળવણી જાગૃતિ સહિતની કામગીરી કરતા શિક્ષકોને નિમંત્રિત કરીને મહેમાનો હસ્તે પર્યાવરણ રક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. GCERT ગાંધીનગર સેક્રેટરી જે ડુમરાલીયાના હસ્તે કેયુર લિમ્બાચિયાને એવોર્ડ એનાયત કરાયો હતો. એવોર્ડ દ્વારા સન્માનિત શિક્ષક કેયુર લિમ્બાચિયાને વાસણા (રાસ) શાળા પરિવાર, તેમજ જંત્રાલના શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદમાં હનુમાન ચાલીસા કથા નિમિત્તે આમંત્રણ રથ ફેરવવામાં આવ્યો



**આણંદ |** આણંદ સ્થિત રોકડિયાદેવ હનુમાનજી મંદિર દ્વારા મંદિર પરિસર ખાતે ગુરુવારથી 'શ્રી હનુમાન ચાલીસા કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સારંગપુરના કષ્ટભંજનદેવ મંદિરના સ્વામી હરિપ્રકાશદાસજી - અથાણાવાળાના વક્તાપદે આયોજિત આ કથા પહેલી મેથી પાંચમી મે દરમિયાન દરરોજ રાત્રે 8.00થી 11.15 કલાકના સમયે યોજાશે. જેના જાહેર આમંત્રણ માટે સારંગપુરના કષ્ટભંજનદેવનો રથ સમગ્ર ચરોતર પ્રદેશમાં પ્રવાસ કરી રહ્યો છે. જે રથની પધરામણી પી.એમ. પટેલ કોલેજ કેમ્પસ, આણંદ ખાતે થતાં આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) અને વાઇસ પ્રેસિડેન્ટ - સીઇઓ ડો. પાર્થ બી. પટેલ સાથે સ્ટાફ પરિવારએ ધર્મભાવના સાથે કષ્ટભંજનદેવની ભવ્ય આરતી અને દર્શનનો લાભ લીધો હતો.

### લુણાવાડાની કન્યાશાળા ખાતે મુખ્યમંત્રીએ શાળાના વિકાસ માટે માર્ગદર્શન આપ્યું



**લુણાવાડા |** લુણાવાડા કન્યા શાળા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીનો સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સ્કૂલ મેનેજમેન્ટ કમિટી અને સ્કુલ મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ કમિટીના સભ્યોને શાળા વિકાસમાં સહયોગી બની બાળકોના શિક્ષણમાં વિકાસ કરવા માટે તેમજ તેઓની શાળા કક્ષાએ સક્રિય ભાગીદારી થાય તે માટે પ્રોત્સાહિત કરવા તથા વિવિધ બાબતોથી માહિતગાર કરવા માટે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ સાધી માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ પણ માર્ગદર્શન આપ્યું હતું.

### બાકરોલ સ્થિત સ્પેકના એમબીએ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરાયું



**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (એમબીએ)ના પ્લેસમેન્ટ સેલ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ સ્થિત અતુલ ઓટો લિમિટેડ કંપનીને આમંત્રિત કરવામાં આવી હતી. જેમાં મેનેજમેન્ટ ટ્રેની (એચઆર, માર્કેટિંગ, ફાઈનાન્સ)ની પોસ્ટ માટે કંપની દ્વારા 2.50 લાખના પેકેજનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. જેમાં એમબીએ 2023-25 બેચના વિદ્યાર્થી પ્રયાગ પટેલની ફાઈનાન્સ અને સ્મિત રાણાની માર્કેટિંગની પોસ્ટ માટે કંપની દ્વારા 2.50 લાખના પેકેજ સાથે પસંદગી કરવામાં આવી હતી. આ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન એમબીએના કો-ઓર્ડીનેટર પ્રો. સેલ્વી મેક્વિન, એચઓડી તથા કો-ઓર્ડીનેટર પ્રો. નૈતિક રામી અને ડીરેક્ટર ડો. વિશાલ પાટીદારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### વીરપુર તાલુકાના ડેભારી ગામે મૌન રેલી અને ઝંડા દહન કરવામાં આવ્યાં



**વીરપુર |** વીરપુર તાલુકાના ડેભારી ગામે આતંકી હુમલામાં નિર્દોષ ભારતીયોની હત્યાને લઈને રોષ જોવા મળ્યો હતો. ડેભારી ગામે ખાતે વેપારીઓ દ્વારા દુકાનો સજ્જડ બંધ રાખી રેલી યોજી પાકિસ્તાનનો ઝંડો સળગાવી રોષ ઠાલવ્યો હતો. ડેભારી ગામના વેપારીઓ પોતાની દુકાનો સ્વયંભૂ બંધ રાખી હતી. જ્યારે સવારે સરદાર ચોકથી શરુ થયેલી મૌન રેલીમાં યુવાનો, વૃદ્ધો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ રેલી દરમિયાન લોકો તિરંગો લઈને શાંતિપૂર્ણ રીતે ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થયા હતા. રેલીના અંતે સરદાર ચોક ખાતે પાકિસ્તાનનો ઝંડો સળગાવાયો અને આતંકવાદી પ્રવૃત્તિઓની ઘોર નિંદા કરવામાં આવી. આ રેલી દરમિયાન 'ભારત માતા કી જય' અને 'પાકિસ્તાન મુર્દાબાદ' જેવા નારા પણ ઉછળ્યા હતાં.

### લુણાવાડામાં પ્રાથમિક - માધ્યમિક શિક્ષક શિષ્યવૃત્તિની પરીક્ષા યોજાઇ



**લુણાવાડા |** રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા- 2024-25 યોજવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં 17 પરીક્ષા સ્થળ જીએસઇ - એસએસઇ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ 6ના PSE માં 3291 પરીક્ષાર્થી અને ધોરણ 9ના SSE માં 1105 પરીક્ષાર્થી મળી કુલ 4396 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષાર્થીઓ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાનું સુચારૂ આયોજન કરાયું છે. પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી અને સરકારના ઠરાવ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિમાં મેરીટમાં આવનાર એક હજાર વિદ્યાર્થીઓને તેમજ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિમાં મેરીટમાં આવનાર 2900 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

### લુણાવાડા શાંતિનગર આંગણવાડી કેન્દ્ર ખાતે ખીલખીલાટ રસીકરણ અભિયાન યોજાયું

**લુણાવાડા |** મહીસાગર જિલ્લા આરોગ્ય શાખાના માર્ગદર્શનમાં વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણી અંતર્ગત લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા લુણાવાડા શાંતિનગર આંગણવાડી કેન્દ્ર ખાતે ખીલખીલાટ રસીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં ઓરી અને રુબેલાથી વંચિત રહેલા ગયેલા નવ મહિનાથી પાંચ વર્ષ સુધીના બાળકો તેમજ અન્ય રસીમાં વંચિત રહી ગયેલા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહીસાગર જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલ, આરસીએચઓ ડો. કે. કે. પરમાર, ડીઆઇઈસીઓ રાકેશભાઈ બામણીયા તેમજ અર્બન હેલ્થ સેન્ટરની મેડિકલ ટીમ હાજર રહ્યા હતા. આ સપ્તાહ દરમિયાન કુલ 210 સેશન સાઇટ ઉપર વંચિત રહી ગયેલ બાળકોનું રસીકરણ કરવામાં આવશે.

